dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
August-September 2010 For private circulation only Vol. 02 - Issue 40-41

ઝગડો કદાપિ બે ધર્મો વચ્ચે થતો જ નથી, જે ઝઘડો થાય છે તે બે અધર્મો વચ્ચે જ થાય છે. તેથી વિનોબા અહાલેક જગવે છે - અધર્મને હાંકી કાઢી શુધ્ધ માનવધર્મ પાંગરી રહો !

કાન્તિ શાહ

વિજ્ઞાનને કારણે માણસની ભાવના વ્યાપક થતી જશે. આવી વ્યાપક ભાવના એ જ તો ધર્મ છે, સંકુચિત ભાવના અધર્મ છે. વિજ્ઞાનયુગમાં વ્યાપક ભાવના જ ટકી શકશે, સંકુચિત નહીં. તેથી મને પાકી ખાતરી છે કે હવે વિજ્ઞાનની ભૂમિકા ઉપર સાચા ધર્મની સ્થાપના થશે.

વિનોબા ભાવે

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સપ્ટેમ્બર માસની અગીયારમી તારીખ અનેક ઐતિહાસિક ગૂઢ રહસ્યોનો દિવસ રહયો છે. ૯-૧૧ તરીકે બિન લાદેન દ્વારા અમેરિકાના ગૌરવ સમાન વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બે ટાવરને તોડી પાડી સમગ્ર વિશ્વ પર આર્થિક જમાદારી કરતા રાષ્ટ્રની આંતરિક સુરક્ષાની લાચારીનો હવાલો અપાય છે. ૯-૧૧ના બીજા યાદગાર દિવસો પણ છે, જે ધીમે ધીમે ભૂલાતા જાય છે. ૧૯૦૬ના સપ્ટેમ્બર મહિનાની અગીયારમી તારીખે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા દક્ષિણ આફ્રિકાના નાતાલ અને ટ્રાન્સવાલમાં રહેતા ગિરમીટિયા હિંદીઓની નોંધણીનો કાયદો- ટ્રાન્સવાલ ગેઝેટ, ૧૯૦૬-રદ કરાવવા માટે જહોનિસબર્ગના એમ્પાયર થિયેટર હોલમાં ગાંધીજીએ વિશ્વને ''સત્યાગ્રહ'' શબ્દની ભેટ આપી.

અમેરિકામાં વિશ્વધર્મ પરિષદમાં વિવેકાનંદે જે પહેલું યાદગાર પ્રવચન આપ્યું હતું તે દિવસ પણ છે. ૧૧મી સપ્ટેમ્બર, ૧૮૯૩. સર્વધર્મ સમભાવનાની પરિભાષા જગત સમક્ષ જયઘોષ કરતાં તેમણે કહેલું કે, ''જેમ જુદાં જુદાં સ્થળેથી નીકળતાં અનેક નદીઓના વહેણ અંતે મહાસાગરમાં જઈને સમાય છે તેમ, ઓ પ્રભુ ! જુદાં જુદાં માનસિક વલણથી સ્વીકારાયેલા ધર્મ માર્ગો ગમે તેવા ભિન્ન હોય, સરળ યા અટપટા હોય, તો પણ અંતે તો એ બધા તારા પ્રત્યે જ લઈ જાય છે. ...આજે સવારે આ સભાના સ્વાગતમાં જે ઘંટારવ થયો હતો તે એક જ લક્ષ્ય તરફ જતા જુદા જુદા માનવીઓ વચ્ચે રહેલી સંકુચિત વૃત્તિઓનો, સર્વ ઝનૂનવાદોનો અને તલવાર કે કલમથી થતા સર્વ ત્રાસનો મૃત્યુઘંટ હતો, એવી આગ્રહપૂર્વક હું આશા રાખું છું.'' શ્રીમદ્ ભગવદ્ગીતામાં વર્ણવેલા અદ્ભૂત સિધ્ધાંતનું વિશ્વ સમક્ષ પ્રતિપાદન અને ઉદ્‌ઘોષણા કરતાં તેમણે કહેલું, ''ગમે તે સ્વરૂપમાં જે કોઈ મારી પાસે આવે છે તે મને પામે છે. મને પામવાને મથતા સર્વ મનુષ્યોના જુદા જુદા માર્ગો અંતે મારી ભણી વળે છે.''

૯-૧૧ની બીજી એક ઘટના એટલે - ''ગર્વથી કહું છું : હું હિંદુ છું - મુસલમાન છું - ખ્રિસ્તી - બૌદ્ધ - શીખ - જૈન છું'' કહેનાર આચાર્ય વિનોબા ભાવેનો જન્મદિન. શ્રી કાન્તિ શાહ, વિનોબા વિશે લખે છે કે, ''સર્વધર્મ-સમભાવ જ નહીં, સર્વધર્મ-મમભાવની આજે જરૂર છે. આવો મમભાવ વિશેષ રૂપે રામકૃષ્ણ પરમહંસે અને વિનોબાએ આરાધ્યો છે. રામકૃષ્ણે સબ્જેકટીવલી મમભાવની અનુભૂતિ કરી અને વિનોબાએ ઓબ્જેકટીવલી. વિનોબાએ વિવિધ ધર્મોનું ઊંડું અધ્યયન કરીને દરેક ધર્મનો સાર અને નિચોડ સમાજ સમક્ષ મૂકયો. તેને લીધે આ મમભાવ માત્ર રામકૃષ્ણ જેવા વ્યકિત વિશેષ પૂરતો જ મર્યાદિત ન રહેતાં, જે ઈચ્છે તે આવી અનુભૂતિ કરી શકે તેવો હાથવગો બની ગયો છે.''

આ વર્ષના સપ્ટેમ્બર માસમાં ત્રણ ધર્મોના મુખ્ય ઉત્સવોનો સુભગ સંયોગ થયો છે. જન્માષ્ટમી, રમઝાન ઈદ, સંવત્સરી અને ગણેશ ચતુર્થીના તહેવારોનો વિરલ યોગ આપણી ધર્મ વિશેની સમજને વિકસાવવા માટેનો પણ યોગ હોઈ શકે. ધર્મ વિશેની વિનોબાજીની ઊંડી, વિશદ ને મર્મગ્રાહી છણાવટ, ગર્વથી કહું છું...માં નાના નાના છ નિબંધોમાં વિસ્તરાયેલી છે. ''વિનોબાજી બુલંદપણે એમ કહી શકે છે કે 'સેકયુલરીઝમ' એટલે ધર્મહીનતા નહીં પણ પરિશુધ્ધ ધર્મ-ભાવના, ધર્મ-પરામુખતા નહીં પણ સર્વધર્મ માટેનો પોતીકાપણાનો ભાવ. કયારે ગર્વથી કહી શકીશું કે અમે 'હિંદુ' છીએ ? લેખમાં વિનોબાજી હિંદુ ધર્મની મૂળભાવના 'માનવધર્મ' તરીકે વર્ણવે છે. હિંદુ ધર્મને સનાતન ધર્મ કહે છે. સનાતન એટલે કે જે બદલાતો નથી. સ્થળ-કાળ ગમે ત્યાં અને ગમે ત્યારે કાયમ એકસરખો રહે તે. હિંદુ ધર્મની મૂળભૂત કલ્પના ''હું, તું અને તે'' - આ ત્રણથી વિશ્વનું વ્યાકરણ બન્યું છે તેની છે. હું એટલે કોઈપણ જીવ, તું એટલે જીવરૂપે ઈતર સર્વ જગત અને તે એટલે ઈશ્વર. આ ત્રણેના અન્યોન્ય ભાવથી બંધાયેલું વિશ્વ. અર્થાત મારામાં સર્વ જીવો, અને પરમેશ્વર, સર્વ જીવોમાં હું અને પરમેશ્વર તથા પરમેશ્વરમાં હું અને સર્વ જીવોનો ત્રિવેણી સંગમનો ભાવ. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં આ બાબત સ્પષ્ટ કરતાં કહે છે કે જે કોઈ જીવાત્મા જેવા સ્વરૂપમાં ઈશ્વરની ભકિત કરવા માગતો

હોય, તેવા જ સ્વરૂપમાં તેની શ્રધ્ધા હું દ્રઢ કરું છું. તમામ ધર્મોના આચાર-વિચાર માટે હિંદુ ધર્મમાં પૂર્ણ અવકાશ છે. હિંદુ ધર્મનું અસલ સ્વરૂપ છે-આચાર-સહિષ્ણુતા, વિચાર-સ્વાતંત્ર્ય અને નીતિ ધર્મ બાબતમાં દ્રઢતા. વિનોબાજી કહે છે 'હિંસાથી જેનું દિલ દુભાય નહીં તે 'હિંદુ' કેવો ? હિંદુ ધર્મ Inclusive છે.

હિન્દુઓના પવિત્ર 'શ્રાવણ' માસ જેટલો જ મુસલમાનો માટેનો પવિત્ર માસ રમઝાન માસ. રમઝાન માસની પૂર્ણાહૂતિ પછીનો શવ્વાલ માસનો પ્રથમ દિવસ એટલે રમઝાન ઈદ જે ઈદ-ઉલ-ફિત્ર તરીકે ઓળખાય છે. ઈસ્લામના શાંતિ, સચ્ચાઈ અને સમાનતા જેવાં માનવીય મૂલ્યોનું પુનઃ પુનઃ આચરણ કરવાની તથા ખુલ્લા દિલથી ખુશીની અભિવ્યકિત કરવાનો તહેવાર એટલે રમઝાન ઈદ. શ્રી વિનોબાજી, ગર્વથી હું એમ પણ કહું છું કે હું મુસલમાન છું - ના લેખમાં જણાવે છે., " ઈસ્લામ એટલે ઈશ્વર-શરણતા અને ઈસ્લામ એટલે શાંતિ. ઈસ્લામ શબ્દમાં સલમ ધાતુ છે. તેનો અર્થ છે, શરણે જવું. આ ધાતુ પરથી જ "સલામ" શબ્દ બન્યો છે. સલામ એટલે શાંતિ. ઈસ્લામ એટલે પરમેશ્વરને શરણે જવું. પરમેશ્વરને શરણે જશો, તો શાંતિ પામશો. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે 'તમેવ શરણમ ગચ્છ સર્વભાવેન ભારત' - હે અર્જુન, તું સર્વ ભાવથી પરમેશ્વરને શરણે જા ! તેનું પરિણામ શું આવશે ? 'તત્પ્રસાદાત પરા શાંતિ સ્થાનં પ્રાપ્યસિ શાશ્વતમ્" - તો એની કૃપાથી તને શાશ્વત શાંતિ મળશે.

ઈસ્લામ અને હિન્દુની સામ્યતા દર્શાવતાં આચાર્યશ્રી લખે છે, "ઈસ્લામ કહે છે, બિસ્મિલ્લાહ અને હિંદુ કહે છે, ૐ. 'બિસ્મિલ્લાહ' પદમાં ત્રણ શબ્દ છે : બ ઈસ્મ અને અલ્લાહ. તેનો અર્થ થાય છે - અલ્લાહના નામથી. 'ઓમ' એટલે પરમેશ્વરનું નામ. જેટલાંયે સારાં કામ શરૂ કરવાનાં હોય છે, તે ઈશ્વરનો સંકલ્પ કરીને આરંભ થાય છે, તેથી બધાં સારાં ને ધાર્મિક કાર્યો હિંદુઓ ૐથી પ્રારંભ કરે છે અને મુસલમાનો બિસ્મિલ્લાહથી. ૐ અને બિસ્મિલ્લાહ બંને નિરાકારવાચક શબ્દો છે. બંને એક જ છે." બંને ધર્મની આચરણ પધ્ધતિ ભિન્ન હોવા છતાં વિનોબાજી તેમાં સામ્યતા નિહાળે છે. જેમ રામ અને વિઠ્ઠલ એક જ પરમેશ્વરની મૂર્તિઓ છે અને તેમની અલગ વિશિષ્ટતાઓ હોવા છતાં બંને વચ્ચે વિરોધ નથી. તેવી જ રીતે હિંદુ ધર્મ તથા મુસ્લિમ ધર્મ એક જ સત્યધર્મની જુદી જુદી મૂર્તિઓ છે. આથી જ તેઓ પોતે હું હિંદુ પણ છું અને મુસલમાન પણ છું તેમ જણાવે છે.

આ વર્ષના સપ્ટેમ્બર માસમાં જૈન ધર્મનું આરાધનાનું પવિત્ર પર્વ 'પર્યુષણ'ની ઉજવણી પણ 'સર્વધર્મ-સમાન્વયાચાર્ય" મહાવીર સ્વામીજીની ભકિતના રંગથી ઉજવાઈ. સત્યનું એક-એક તથ્ય લઈને લોકો સમક્ષ ભિન્ન-ભિન્ન પંથના રૂપમાં એક-એક નય રજૂ કરાય છે. આથી તમામ બાબતો સત્યાંશ હોય છે. આ છે મહાવીરનો મુખ્ય વિચાર. મહાવીરના ઉપદેશની વિશેષતા એ છે કે કોઈના, હૃદયમાં ધકકો માર્યા વિના કુશળતાથી પ્રવેશ કરવો. અહિંસાનું આ બીજ છે. દરવાજાથી પ્રવેશ થાય. દિવાલમાંથી પ્રવેશવાની કોશિશ કરીએ તો ટકકર લાગે. માણસના હૃદયમાં જે ગુણ છે, તે દરવાજા છે. અને દોષ છે તે દીવાલ છે. અનેક દોષોથી પિડીત વ્યકિતમાં પણ એકાદ તો સદ્ગુણ હશે. આ સદ્ગુણરૂપી દરવાજાથી અંદર પ્રવેશી તેને બીજી બારીઓ ખોલવાની સલાહ આપવી આવી મહાવીરની દ્રષ્ટિ હતી, આને પાછળથી 'સ્યાદ્વાદ' કહેવામાં આવ્યો. સ્યાદ્વાદને અનેકાંતવાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. અનેકાંતવાદ એ એક દ્રષ્ટિ છે. મહાવીરની અહિંસાનું મૂળ પકડવું હોય, તો મધ્યસ્થ દ્રષ્ટિ સમત્વની દ્રષ્ટિ હોવી જોઈએ. અનેકાંતવાદ એ અહિંસાને પચાવવાની મૂળભૂત ચાવી છે. જૈનધર્મનો ત્રીજો મુખ્ય સિધ્ધાંત છે અપરિગ્રહ. 'જૈન' શબ્દનો અર્થ થાય છે, 'જીતનારો'. જે દુનિયાને જીતવા નીકળે તેણે અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહને હસ્તગત કરવા જ રહયા. ઋગ્વેદમાં ઈશ્વરની સ્તુતિમાં 'અર્હન ઈદં દયસે વિશ્વમભ્વમ્'નો ઉલ્લેખ છે; જેનો અર્થ છે- હે અર્હન્ ! તમે આ તુચ્છ દુનિયા પર દયા કરો છો. 'અર્હન' અને 'દયા' બંને જૈનોના પ્રિય શબ્દો છે. આથી જૈન ધર્મને પણ હિંદુ ધર્મ જેટલો જ પ્રાચીન ગણવામાં આવે છે. મહાવીર સ્વામી તો ચોવીસમા તીર્થંકર હતા. પરંતુ જૈન-વિચાર વેદ કાળથી અસ્તિત્વમાં છે, તેવું માનવામાં આવે છે.

સપ્ટેમ્બરના આ પાક્ષિકમાં છેલ્લે ઉજવાઈ રહેલું પર્વ તે ગણેશોત્સવ. વિઘ્નહર્તા ગણપતિની આરાધના કરવા માટે શેરીએ, પોળે-પોળે ગણપતિની મૂર્તિની સ્થાપના થકી ભકિતપૂર્ણ માહોલ ચાલી રહયો છે. પર્યાવરણની પણ જાળવણીની સાથે ભકિત છલકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું એ પણ સ્યાદ્વાદનું એક અંગ માનવું રહયું.

છેલ્લે, ભકિતથી છલોછલ સપ્ટેમ્બર માસમાં વિનોબાજીએ દર્શાવેલ ધર્મના મુખ્ય પાંચ અંગોની વાત કરીશું. પહેલું અંગ છે શ્રુતિનું, અનુભૂતિનું પરમાત્મ દર્શનનું. દરેકને પરમાત્માના અમુક અંશનું આંશિક દર્શન જ રહેવાનું મહાપુરુષોના આવા દર્શનની અનુભૂતિનું વિવરણ એ ધર્મનું એક અંગ છે. આવા વિવરણો બધા જ ધર્મોમાં છે તે સહુની માલિકી છે. માનવજાતનો મઝિયારો વારસો છે. ધર્મનું બીજું અંગ ધર્મકથાઓ છે. કુરાનમાં તેને 'કસસ' કહયો છે. કસસ એટલે કથા. ઈબ્રાહીમની કથા, નળ-દમયંતીની કથા, હરિશ્ચંદ્રની કથા, વિગેરે. દરેક ધર્મમાં આવી કથાઓ છે. આ પણ સહુની માલિકી છે. રામ કથા થી હિંદુ પણ બોધ લઈ શકે અને મુસલમાન પણ. તેવી જ રીતે કુરાનની કથાઓમાંથી હિંદુ બોધ લઈ શકે. બોધક કથાઓ પણ માનવજાતનો મઝિયારો વારસો છે. ધર્મનું ત્રીજુ અંગ છે નીતિ-વિચાર. માણસાઈના પાયાના ગુણો-સાચુ બોલવું, પ્રેમ કરવો, સુખદુ:ખમાં ભાગીદાર થવું, કરુણા રાખવી, નીતિમય જીવવું વિગેરે. નીતિ-વિચાર પણ બધા ધર્મોની સામૂહિક મિલકત છે. ધર્મનું ચોથું અંગ છે, ઉપાસનાની વિભિન્ન રીતો તથા વિધીઓ. પરમાત્માની પ્રાર્થના કરવાની રીતો અલગ હોવા છતાં મૂળ વસ્તુ તમામ ધર્મોમાં સમાન હોય છે. ધર્મનું પાંચમું અંગ છે, કાનૂન. ધારા ધોરણો અને નિયમો. દરેક ધર્મના પોતાના રીત-રિવાજો, વહેવારો અલગ અલગ હોય છે. જે સ્થળ-કાળ-પરિસ્થિતિ મુજબ પરિવર્તનશીલ છે.

"વિજ્ઞાનયુગમાં ધર્મ" માં વિનોબાજી કહે છે કે, " બે ધર્મો વચ્ચે કદી પણ ઝગડો થતો નથી. જે ઝગડો થાય છે, તે બે અધર્મો વચ્ચે થાય છે. ...આજે આપણે જેને ધર્મ કહીએ છીએ, તે તો બધા ધર્મ નહીં, પંથ છે, સંપ્રદાય છે, મજહબ છે. વિજ્ઞાનયુગમાં પંથ-સંપ્રદાય-મજહબને કોઈ સ્થાન નથી. માણસે સંપ્રદાયોથી ઉપર ઊઠવાનું છે; અને એક માનવધર્મ વિકસાવવાનો છે. આ જમાનામાં હવે જુદા જુદા સંપ્રદાયોમાં જે અસાર તત્વો છે, અજ્ઞાનના અંશો છે, તે વિજ્ઞાનને કારણે નીકળી જશે, બળીને ખાખ થઈ જશે; અને દરેકમાં જે સારરૂપ તત્વો છે, સ્વચ્છ અંશો છે, તે અત્યંત ઉજ્જવળ થઈને પ્રગટ થશે... હવે વિજ્ઞાનની ભૂમિકા ઉપર સાચા ધર્મની સ્થાપના થશે."

૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૦ બી.એ. પ્રજાપતિ

કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## જન્મજયંતી



તા. ૨૪-૦૮-૨૦૧૦ ના રોજ નર્મદ જન્મજયંતી પ્રસંગે નર્મદની પ્રતીમાને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના સહ નિયામક કપિલદેવ શુકલે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



તા. ૨૪-૦૮-૨૦૧૦ના રોજ કવિ નર્મદની જન્મજયંતી પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા કવિ નર્મદની સંગૃહિત વાચન સામગ્રી પ્રદર્શિત કરવામાં આવી હતી.

## Achievement



Mr. Ataullah Khatri, Student of Semester-VII at M. Sc. Biotechnology Course has procured Ist Rank (Gold Medal) in Rifle Shooting (Event: Air Rifle -10 meters) in 46th GUJARAT STATE RIFILE SHOOTING CHAMPIONSHIP organized at AHMEDABAD from 3-6, September, 2010.

Vice-Chancellor Dr. B. A. Prajapati, Coordinator Dr. Gaurav Shah and teaching faculties of Biotechnology Department congratulated him on his marked achievement.

## શિક્ષક દિન

In paying a reverent tribute to Dr. Sarvapalli Radhakrishnan, who was a staunch believer of education, and was the well-known diplomat, Scholar, President of India and above all a teacher on his birthday, 5th September, Department of Biotechnology celebrated The Teachers' Day on 4th September, 2010. The students actively participated in playing and performing the various roles ranging from the Coordinator to a peon. It was the day of metamorphosis for some of the students who turned to be teachers being honoured by fellow classmates. The celebration of the day was inaugurated by Dr. Gaurav Shah, Coordinator of the course. He remarked the day as a realisation of the significance of teachers by students and directed them that true education teaches how to lead life with mission and not ambition. He also recollected the words of Dr. A. P. J. Abdul Kalam from his book 'ignited minds' that Education and the teacher-student relationship have to be seen not in business terms but with the nation's growth in mind. The celebration concluded announcing the names of the students who performed the best.



ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં 'લીસા' ના ઉપક્રમે તા.૦૫-૦૯-૨૦૧૦ના રોજ માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકદિનની ઊજવણી કરવામાં આવી. આ પ્રસંગે મદદનીશ ગ્રંથપાલશ્રી બી.જે.અંકુયા અને શ્રી એફ.એન.વસાવાએ શિક્ષકદિનનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં. વિદ્યાર્થીઓ તરફથી ઉપસ્થિત અધ્યાપકોને પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવ્યાં હતાં. ઊજવણીનું આયોજન લીસાના પ્રમુખ શ્રી શૈલેષ પટેલ અને પારૂલ પટેલ દ્વારા કરવામાં આવ્યું.



યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના એમ.એડ્. વિભાગમાં શિક્ષકદિન નિમિત્તે ૬ અધ્યાપકો તથા બે સેવક અને ગ્રંથપાલ તરીકે સમગ્ર શિક્ષણની અને વહીવટી ફરજ તાલીમાર્થીઓએ બજાવી હતી.

## NET



યુનિવર્સિટીના એમએસ.સી. (આઈ.ટી.) પ્રોગ્રામના પ્રા. તેજસ શાહે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીની લેકચરરશિપની (NET) પરીક્ષા કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એપ્લિકેશન વિષયમાં ડિસેમ્બર ૨૦૦૮માં ઉત્તીર્ણ કરેલ છે. અભિનંદન.

## U.G.C. National Seminar



Department of English Veer Narmad South Gujarat University, Surat. organized a national seminar on "Translation as Praxis: Issues and Strategies" on 7-8 September, 2010 in the Seminar Hall of Dept. of Computer Science on the university campus. In its Inaugural Session Prof. Rakesh Desai delivered the welcome address and introduced the theme of the seminar. Shri Bhagavatikumar Sharma, the renowned novelist and poet and President, Gujarati Sahitya Parishad, delivered the address as the Guest of Honour, followed by the Keynote address by Prof. Avadhesh Kumar Singh, Professor of English, Saurashtra Univesity; former Vice Chancellor Babasaheb Ambedkar Open University; Convener, Academic Initiatives, Knowledge Consortium of Gujarat. Prof. B. A. Prajapati, Vice Chancellor, delivered presidential remarks.




The Inaugural Session of the seminar was followed by the academic sessions held on the two days. Experts in the field of translation studies from various Indian universities like Banaras Hindu University, Varanasi; Jamia Millia Islamia, New Delhi; University of Bombay, Mumbai; J.J.T. University, Rajasthan; and Gujarat University, Ahmedabad; M.S. University, Vadodara, Sardar Patel University, Vallabh Vidyanagar and Veer Narmad South Gujarat University, the host university it self. The academic sessions generated very lively interaction and meaningful discussion took place about various in the area of translation studies. Many college teachers of Veer Narmad South Gujarat University and its students participated in the seminar.

૭ મી સપ્ટેમ્બર ૨૦૧૦ના રોજ યુનિવર્સિટી અને નોલેજ કર્ન્સોસીયમ ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે 'NME ICT' વિષય ઉપર એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. ઉદ્દઘાટન સમારંભ કુલપતિશ્રી પ્રોફે બી.એ. પ્રજાપતિના પ્રમુખ સ્થાને યોજાયો હતો અને બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી પ્રોફે. એ.કે.સીંગ સમારંભમાં ઉપસ્થિત રહયા હતા. પ્રો.



એ.કે.સીંગ અને પ્રો. બી.એ. પ્રજાપતિએ પ્રસંગોચીત પ્રવચનો કર્યા હતા. ઉદ્દઘાટન સમારંભ બાદ ત્રણ ટેકનીકલ સેશન યોજાયાં હતાં. પ્રથમ સત્રમાં KCG વિષે માર્ગદર્શન આપ્યું હતું, દ્વિતિય સત્રમાં NME ICT પ્રોજકટ ઉપર અમદાવાદના ડૉ. આનંદ ભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું. આ પરિસંવાદમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ડૉ. રવિ ગુલાટીએ પરિસંવાદનું સંચાલન કર્યુ હતું.

પરિસંવાદના ઉદ્દઘાટન સમારંભમાં VNSGU જર્નલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના વોલ્યુમ ૨ ઈસ્યુ ૧ નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.



## ઊજવણી

યુનિવર્સિટીનાં શિક્ષણ વિભાગમાં થિયોસોફિકલ ઓર્ડર ઓફ ગુજરાત અને શિક્ષણ વિભાગનાં સંયુકત ઉપક્રમે જે. કૃષ્ણમૂર્તીના જીવન-કવન તથા તેમના શ્રી ગુરુચરણે પુસ્તકની શતાબ્દિ ઉજવવાનો કાર્યક્રમ તા. ૦૫-૦૯-૨૦૧૦ના રોજ મંગલ પ્રારંભ થયો. આ ઉજવણીના ભાગ રૂપે યુનિવર્સિટી સંલગ્ન ૩૨ કોલેજો તથા બે પીજી.(એમ.એડ) સેન્ટર તેમાં જોડાયાં છે. જે કૃષ્ણમૂર્તિના જીવન અને કાર્ય અંગે દક્ષિણ ગુજરાતની દરેક બી.એડ્. કોલેજમાં ઈનામી વકતૃત્વ સ્પર્ધા યોજાશે અને આ તમામ કોલેજ ત્રણ વિજેતા તારવશે. તેમાં પ્રથમ આવેલ યુનિવર્સિટીની ફાઈનલ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેશે. આ કાર્યક્રમના આયોજનની મિટીંગમાં ઉદ્બોધન ડૉ. જયેશ દેસાઈ, પૂર્વ વાઈસ ચાન્સેલર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટે કર્યુ હતું. જેમણે કૃષ્ણમૂર્તીના જીવન કાર્યનો પરિચય આપ્યો હતો. શિક્ષણ વિભાગનાં અધ્યક્ષ ડૉ. જી.એસ. પરમારે આવકાર અને કાર્યક્રમની ઉજવણીની રૂપરેખા આપી હતી. ડૉ. રાયસિંગ ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

## વ્યાખ્યાન

યુનિવર્સિટીનાં ભૌતિકશાસ્ત્ર વિભાગમાં યુ.જી.સી.નાં ટીચર્સ એકચેન્જ કાર્યક્રમ હેઠળ યોજાતી વ્યાખ્યાન શ્રેણીનો તા. ૦૬-૦૯-૨૦૧૦થી પ્રારંભ થયો હતો. આ શ્રેણીમાં પ્રથમ બે વ્યાખ્યાન હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજયુકેશનનાં વરિષ્ઠ પ્રાધ્યાપક અને જુનિયર સાયન્સ ઓલ્મ્પીયાડનાં ચેરમેન ડૉ. પરેશકુમાર જોષી દ્વારા આપવામાં આવેલ હતાં. વ્યાખ્યાનનાં પ્રારંભમાં અધ્યક્ષ ડૉ. કિશોર પોરીયાએ જણાવ્યું હતું કે હાલ વિજ્ઞાનનાં ઉદર્વગામી વિકાસનાં ફળો આપણે અનુભવી રહયા છીએ.

આ શ્રેણીનાં પ્રથમ બે વ્યાખ્યાન ''એકીટીવીટી ઓફ ન્યુકીલ્યર વર્લ્ડ'' અને ''મીસકોન્સેપ્સેન ઈન સાયન્સ'' વિષયમાં ડૉ. જોષી દ્વારા આપવામાં આવ્યા હતાં. બીજા વ્યાખ્યાનમાં વૈજ્ઞાનિક જગતમાં ખ્યાલોની જડતા અને નિયમોમાં થતાં સુધારાઓ આપણે કેવી રીતે સમજી શકીએ અને શિક્ષક તરીકે સમજાવી શકીએ તેનો પ્રાયોગિક ઉદાહરણો સમજાવી, વિજ્ઞાનને આનંદપ્રદ કેમ બનાવી શકાય તે સમજાવ્યું હતું. આભાર વિધિ ડૉ. સુબોધ ગોદરે દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિવિધ કોલેજોનાં પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી કરી હતી.

## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાકાળથી આજ સુધીમાં સૌ પ્રથમવાર કુ. વૈશાલી બારીયા ઈન્ડિયન યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી છે. જે આપણા માટે ગૌરવપ્રદ ઘટના છે. કુ. વૈશાલી બારીયા (નર્મદા કોલેજ ઓફ સાયન્સ અને કોમર્સ, ઝાડેશ્વર)એ આ ઐતિહાસિક સિધ્ધી વેસ્ટ ઝોન અને આંતર ઝોન ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં રમતના પ્રદર્શન દરમ્યાન મેળવી હતી. એસોશીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી, ન્યુદિલ્હી દ્વારા ત્રણ સભ્યોની પસંદગી સમિતિએ સમગ્ર ભારતની યુનિવર્સિટીમાંથી જે બેડમિન્ટનના ખેલાડીઓની પસંદગી કરી તેમાં કુ. વૈશાલીની રમતથી પ્રભાવિત મુંબઈ યુનિવર્સિટીના ખેલાડીઓએ પણ આપણી યુનિવર્સિટીને વોક ઓવર આપી વિજેતા જાહેર કરી હતી. તેવી રીતે આપણી યુનિવર્સિટી અને ગુજરાતનું નામ ચીનના ટાઈપાઈ મુકામે વિશ્વ યુનિવર્સિટીની બેડમિન્ટન બહેનોની સ્પર્ધામાં સુવર્ણ અક્ષરે લખાશે એવી શ્રધ્ધા છે. ભારતીય યુનિવર્સિટી બેડમિન્ટન (ભાઈઓ/બહેનો)ના કોચીંગ કેમ્પ જીવાજી યુનિવર્સિટી, ગ્વાલિયર ખાતે ચાલી રહયો છે અને આંતર રાષ્ટ્રીય ખેલાડીઓની વચ્ચે આપણા ખેલાડીઓ પણ પોતાનું ઉત્તમ પ્રદર્શન કરી શકે એ પ્રકારનું કોચીંગ આ કેમ્પમાં અપાઈ રહયું છે. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, ચેરમેનશ્રી ડૉ. વિનોદ પટેલ, નિયામકશ્રી પોલ ડેવિડ અને સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલાએ આ વિરલ સિધ્ધિને બીરદાવી કુ. વૈશાલીને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

''વાંચે ગુજરાત અભિયાન'' અંતર્ગત યોજાતા - 'તરતાં પુસ્તકો' અને 'મને ગમતું પુસ્તક' તરફ વિદ્યાર્થીઓને અભિમુખ કરવાના હેતુથી વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે કોલેજની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે આચાર્યશ્રી ડાૅ. જે.એમ.નાયકના અધ્યક્ષપદે 'વિચાર વાચન શિબિર' તા. ૧૮/૭/૨૦૧૦ ના રોજ ૧૧-૩૦ થી ૪-૩૦ સુધી રાખવામાં આવ્યો હતો, જેમાં કોલેજના ૯૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરની શરૂઆત ખોલવડની આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજના નિવૃત આચાર્યશ્રી મહેન્દ્રભાઈ દેસાઈના પ્રેરક પ્રવચન અને આશીર્વાદ સાથે થઈ. બીલીમોરાના શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડાૅ.નાનુભાઈ પટેલે વાચન ઉપર વિચારો વ્યકત કર્યા હતા. નવસારીની સયાજીવૈભવ લાયબ્રેરીના સેક્રેટરી અને વાંચે ગુજરાત અભિયાનના સહમંત્રીશ્રી જયપ્રકાશ યુ. મહેતાએ અનેક ઉદાહરણો દ્વારા જીવન ઘડતરમાં વાચનનું મહત્વ સમજાવ્યું અને 'વાંચે ગુજરાત' અભિયાનને સફળ બનાવવા માટે યુવાનોને 'તરતાં પુસ્તકોના પ્રોજેકટ', 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ' કાર્યક્રમ 'અધ્યયન અનુશીલન પ્રોજેકટ' શ્રેષ્ઠ વાચક સ્પર્ધા જેવા પ્રોજેકટ માટે આગળ આવવા અપીલ કરી, સમગ્ર અભિયાનનો ખ્યાલ આપ્યો હતો. તેઓશ્રીએ વિદ્યાર્થીઓને SWOT વિશ્લેષણ, સમય સંચાલન, જેવા ખ્યાલોનો પરિચય આપી જીવનમાં નિયમિતતા અને શિસ્તપાલનનું મહત્વ દર્શાવ્યું હતું. તદ્પરાંત કોલેજ પરિવારે 'વાંચે ગુજરાત' અંતર્ગત વલસાડની અંધજન શાળામાં બ્રેઈન લિપિના પુસ્તકો પ્રિ. જે.એમ. નાયકના પ્રમુખ સ્થાનેથી તા. ૧૫-૦૮-૨૦૧૦ના રોજ તરતા મૂકયા હતાં

સ્વર્ણિમ ગુજરાતની સપ્તધારા હેઠળ નવયુગ કોમર્સ કોલેજ સુરતમાં દેશભકિતના ગીતોની સ્પર્ધા તા. ૧૨/૮/૨૦૧૦ના રોજ યોજાઈ હતી. જેમાં ૨૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ કુ. પૂજા પારેખ, દ્વિતીય કુ. જલ્પા શાહ અને કુ. મેઘના પચ્ચીગર તથા તૃતીય શ્રી મુસ્તફા પઠાણ અને કુ. અનીતા મરાઠે વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકે પ્રા. શ્રીમતી કે.યુ.ખાન તથા પ્રા. શ્રીમતી યુ.પી.સીગીએ સેવા આપી હતી.

તા. ૨૧-૭-૨૦૧૦ ના રોજ સ્ટુડન્ટ્સ કાઉન્સિલની સાંસ્કૃતિક સમિતિ તથા સ્વર્ણિમ ગુજરાત ગીત-સંગીત નૃત્યધારાના ઉપક્રમે વર્ષાગીતોની સ્પર્ધા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વ્યકિતગત ગીત તેમજ દ્વંદ્વ ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં હિન્દી તથા ગુજરાતી ફિલ્મી-ગેરફિલ્મી ગીતો સ્પર્ધકોએ રજૂ કર્યા હતા. તા. ૨૨-૭-૨૦૧૦ ના રોજ સ્વર્ણિમ ગુજરાત ઉત્સવ અન્વયે રંગકલા કૌશલ્યધારા હેઠર ઈન્ટર કલાસીસ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકેની કામગીરી વી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રા. ફાલ્ગુનીબેન દેસાઈએ બજાવી હતી. તા. ૨૬-૭-૨૦૧૦ના રોજ સ્વર્ણિમ ગુજરાત ઉત્સવ અન્વયે રંગકલા કૌશલ્યધારા હેઠળ ઈન્ટર કલાસીસ આરતી શણગારની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિર્ણાયક તરીકેની કામગીરી કોલેજના આચાર્યો ડાૅ. ભારતીબેન પંચોલી તથા પ્રા. સુધાબેન રાવલે બજાવી હતી.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં પ્રિ. ડૉ. એમ.એન. વશીના માર્ગદર્શન તળે ''સ્વર્ણિમ ગુજરાત'' ઉજવણીના ભાગરૂપે તા. ૧૦-૦૫-૨૦૧૦ના રોજ ટી.વાય.બી.એસ.સી. રસાયણ શાસ્ત્રના વિદ્યાર્થીઓ દ્વારા ''વિજ્ઞાનના ૩૫ વિદ્યાર્થીઓ અને સામાજીક સંદેશા'' વિષય ઉપર બ્લડ ડોનેશન, દીકરી બચાવો, ઈલેકટ્રોનિક વેસ્ટ, પર્યાવરણ બચાવો, પાણી બચાવો, નો સ્મોકીંગ જેવા વિષયોને આવરી લઈ ૧૯ જેટલા પોસ્ટર રજૂ કર્યા. પ્રા. નીરૂલભાઈ ગોઠી અને ડૉ. જીગીસા પસ્તાગીયાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડયું. તદ્પરાંત સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત પ્રા. ડૉ. જીજ્ઞેશ દેસાઈ અને પ્રા. ડૉ. કમલેશ પ્રજાપતિએ થર્મોડાયનેમીકસના અનુક્રમે બીજા અને ત્રીજા નિયમ પર વ્યાખ્યાન આપેલ જેનું જીવંત પ્રસારણ તા. ૧૦-૦૮-૧૦ના રોજ કરવામાં આવ્યું .

ઉધના સીટીઝન કો.ઓ.બેંક કોમર્સ કોલેજ, સુરતમાં ગ્રંથાલય સમિતિના ઉપક્રમે તા. ૧૩-૦૮-૨૦૧૦ના રોજ યોજાયેલ ''મને ગમતુ પુસ્તક'' વાર્તાલાપમાં યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ''કૃષ્ણનું જીવન સંગીત'', ''Wings of Fire'' તથા ''Crucial Conversations'' ઉપર મંતવ્યો રજૂ કર્યા હતા. આચાર્યશ્રી એ.જી. મહેતાએ ''મને ગમતું પુસ્તક વાર્તાલાપ''નું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને પુસ્તકાભિમુખ થવા અંગેની પ્રેરણા આપી હતી.

## આરોગ્ય

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત અને ચાંલ્લા ગલી યુવક મંડળના સહકાર વડે તા. ૨૭-૭-૨૦૧૦ના રોજ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું આચાર્યશ્રી ડૉ. યુ.ટી.દેસાઈના તથા અન્ય મહેમાનોના હસ્તે દિપપ્રાગટય કરીને રકતદાન શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. આચાર્યશ્રી ડૉ.યુ.ટી.દેસાઈએ સૌને આવકારીની રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું. તથા સૌને પ્રોત્સાહીત કર્યા હતા. તેમજ કોમર્સ ફેકલ્ટીના ડીન અને એસ.પી.બી. ઈંગ્લીસ મિડીયમના આચાર્યશ્રી ડૉ. વી.ડી.નાયકે પણ સૌને પ્રોત્સાહીત કર્યા હતા. આ ૧૨૩ જેટલી રકતદાન બોટલ શિબિરમાં એકત્રિત કરવામાં આવી હતી. આ શિબિરમાં સુરત રકતદાન કેન્દ્રના ડૉ. ગુણવંતભાઈ દેસાઈએ તેમની ટીમ સાથે સહકાર આપ્યો હતો. તેમજ ચાંલ્લા ગલી યુવકમંડળના શ્રી કમલ તમાકુવાલાએ સાથ સહકાર આપ્યો હતો. આ શિબિરમાં એન.એસ.એસ.ના ઓફીસરો ડૉ. પી.એમ.પટેલ, શ્રી અજીતભાઈ નાયક, શ્રી બી.પી.પટેલ, શ્રી યુ.એન.પટેલ તથા એમ.ટી.સોલંકી, હાજર રહી સૌને પ્રોત્સાહીત કર્યા હતા. એન.એસ.એસ. સ્વયંસેવકો શ્રી સની પાવસીયા, શ્રી ઘેવરીયા શૈલેષ, શ્રી મુકેશ ગાંગાણી, શ્રી માંગુકીયા ઉમેશ શ્રી માણિયા શૈલેષભાઈ, શ્રી ઉમેશ ચાવડા, શ્રી મયુર કાચા વગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરામાં NSS/NCC ના ઉપક્રમે એન. એમ. પી. બ્લડ બેંકના સહયોગથી સ્વૈચ્છિક રકતદાન ૨૩ ભાઈઓ ૧૦ બહેનો તથા બે સ્ટાફ સદસ્યોએ રકતદાન કરીને ૩૫ બોટલ રકત ભેગું કર્યું હતું. આ પ્રસંગે પ્રા. જયંતભાઈ પટેલ તરફથી તમામ રકતદાતાઓને મિમેન્ટો આપવામાં આવ્યા હતા. આ સ્વૈચ્છિક રકતદાન શિબિરને સુપેરે પાર પાડવા NCC ઓફિસર ભાવેશભાઈ દેવતા NSS ઓફિસર પ્રા. જયંતભાઈ પટેલ, પ્રા. દેવાંગભાઈ સુકાની તથા પ્રા. ગૌત્તમભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી અન્ય પ્રોફેસરો તથા પ્રિ. ડો. એમ. એન. વશી તથા મંડળના સદસ્યો ઉદયભાઈ પટેલ તથા નટુભાઈ કેવતે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ગાંધીનગરથી આવેલા સોઈલ ટેસ્ટીગના અધિકારીશ્રી બૂચે પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું.

સી.એન.કોઠારી હોમિયોપેથિક કોલેજ, વ્યારા સંલગ્ન છોટાલાલ વિરચંદ સોલંકી પેરિફરલ ડીસ્પેન્સરી અંર્તગત કાનપુરા નવીવસાહત ખટાર ફળિયુ, પોલિસ લાઈન વગેરેના દર્દીઓ માટે વિના મૂલ્યે હોમિયોપેથીક દવાખાનાનું ઉદ્‌ઘાટન સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી સંજયભાઈ શાહના વરદ હસ્તે તા. ૨-૮-૨૦૧૦ ના રોજ શાળા નવીવસાહત વ્યારા ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ડૉ. મહાવીર ઘીય, ડૉ. મીનાબેન કાલરા સામાજીક કાર્યકર શ્રી રાકેશભાઈ કાચવાળા, શ્રી સુધીરભાઈ ચૌહાણ, શ્રી દિનેશભાઈ ભટ્ટ, શાળાનાં મુખ્ય શિક્ષક શ્રીમતી જશુબેન મહેતા તથા શિક્ષકગણ હાજર રહયા હતા. આ દવાખાનું દર સૌમવારે બપોરે ૨.૪૫ થી ૪.૪૫ સુધી આજ શાળામાં કાર્યરત રહેશે. તદ્‌પરાંત દાદરી ફળીયું, શંકર ફળીયું વગેરેના દર્દીઓ માટે વિના મુલ્યે હોમિયોપેથીક દવાખાનાનું ઉદ્‌ઘાટન શ્રી ચુનીભાઈ દુર્લભભાઈ પટેલ ના વરદ હસ્તે તા. ૧૧-૮-૨૦૧૦ ના રોજ હનુમાન મંદિરની સામે દાદરી ફળીયું વ્યારા ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ડાં. મહાવીર ઘીયા, ડાં . મીનાબેન કાલરા, ડાં. અશોક ગુંડીગરા તથા પ્રિ. ડાં. જયોતિ રાવ, સામાજીક કાર્યકર શ્રી રાકેશભાઈ કાચવાળા, શ્રી. સંજયભાઈ શાહ, શ્રી નિખિલભાઈ શાહ, શ્રી દિનેશભાઈ ભટ્ટ, શ્રી જગજીવનભાઈ ટેલર વગેરે હાજર રહયા હતા. ઉદ્‌ઘાટનનાં દિવસે મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ દવાખાનું દર બુધવારે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ સુધી આજ હનુમાન મંદિરની સામે દાદરી ફળીયું વ્યારા ખાતે કાર્યરત રહેશે.

## એન. એસ. એસ.

તા. ૨૬-૭-૨૦૧૦ના રોજ સર.કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં એન. એસ. એસ. યુનિટ તથા સુરતની ચોપાટીની એ.સી.પી. ટ્રાફિકના સહયોગથી ટ્રાફિક જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ જાગૃતિ અભિયાનનું ઉદ્‌ઘાટન આચાર્યશ્રી ડૉ. યુ. ટી. દેસાઈના હસ્તે મહેમાનોના સથવારે કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ સૌને અધિકારી ટ્રાફિકના નિયમોની અગત્યતા વિશે જાણકારી આપી હતી. ત્યારબાદ સેફટી ફોર એવરીબડીના કમીટીના સભ્ય શ્રીમતી ડૉ. કામીનીબહેન ડુમસવાલાએ ટ્રાફિક જાગૃતિ અભિયાનની જાણકારી આપી હતી. ત્યારબાદ પી. આઈશ્રી એસ. એમ. પરમાર સ્લાઈડનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોની ઉપયોગી જાણકારી આપી હતી.

એ.સી.પી. શ્રી મધુકરભાઈએ પણ અગત્યની જાણકારી આપી હતી તથા અઠવાઝોનના કોર્પોરેટર શ્રી કીર્તિભાઈ શાહે આ ટ્રાફિક જાગૃતિ અભિયાનમાં ભાગ લઈ મહત્વની માહિતીઓ આપી હતી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સુરત મહાનગર પાલિકાના ડૉ. અર્પિતાબહેન પટેલની ટીમ દ્વારા એચ.આઈ.વી. પરીક્ષણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો સમગ્ર કાર્યક્રમમાં એન.એસ.એસ.ના ઓફિસરો ડૉ. પી. એમ. પટેલ, શ્રી અજીતભાઈ નાયક, શ્રી બી. પી. પટેલ, શ્રી. યુ. એન. પટેલ તથા શ્રી એમ. ટી. સોલંકી હાજર રહયા હતા.

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૨૬-૬-૨૦૧૦ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના ઉપક્રમે બીલીમોરાના મનોચિકિત્સક ડાં. શૈલેષભાઈ એમ. દેસાઈનું 'નશાકારક પદાર્થોનું વ્યસન અને તેની હેરાફેરી ભયંકર સામાજીક દૂષણ, વિષય પર પ્રવચન યોજાઈ ગઈ. જેમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી પણ કરી હતી.

## પીએચ. ડી.

સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત વી.ટી.ચોકસી બી.એડ્. કોલેજ, સુરતના અધ્યાયિકા જયશ્રી જાંબુસિયા (સાપરીયા) એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન દ.ગો. શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડાના પ્રિન્સિપાલ ડૉ. જનક મકવાણાના માર્ગદર્શન હેઠળ "ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓની સિદ્ધી અને વલણ પર વર્કકાર્ડ અને કોમ્પ્યૂટર સહાયિત અધ્યયનની અસરકારકતા". વિષય પર પીએચ. ડી. ની પદવી પ્રાપ્ત કરી છે. અભિનંદન.

## શિબિર

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ અને ચોર્યાસી તાલુકા કાનુની સેવા સમિતિના સંયુકત ઉપક્રમે એન્ટી રેગીંગ લો બાબતે કાનુની જાગૃતિ શિબિરનું આયોજન તા. ૧૪-૦૮-૨૦૧૦ના કોલેજ સંચાલક મંડળના ઉપપ્રમુખ અને વકીલ શ્રી બળવંતભાઈ પટેલ તથા અતિથિવિશેષ તરીકે ઓલપાડ પોલીસ ઈન્સપેકટર શ્રી દેસાઈ તથા મુખ્ય વકતા તરીકે વકીલ શ્રીમતી પ્રિતિબેન જોશી તથા વકીલશ્રી હર્ષદભાઈ પંડયા તથા ચોર્યાસી તાલુકા કાનૂની સેવા સમિતિના આસિ. શ્રી એસ. એમ. રાવળ તથા ઓલપાડ કોર્ટના નાઝર શ્રીમતિ મંજુબેન પટેલ ઉપસ્થિત રહયા હતાં અને તેમણે રેગીંગ લો બાબતે કાનૂની જાગૃતિ કેળવવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

પ્રિન્સિપાલ શ્રી ઈશ્વરભાઈ પટેલે વિદ્યાર્થીઓને કાનૂની સમજ આપી હતી. કોલેજ સંચાલક મંડળના મંત્રીશ્રી રાયસિંહભાઈ ચૌહણે પણ વિદ્યાર્થીઓને કાનૂની જાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો.

## પ્રવેશોત્સવ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ બીલીમોરામાં તા. ૩-૭-૨૦૧૦ ના રોજ એફ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ અને ઓરિએન્ટેશન કાર્યક્રમ બીલીમોરા વિભાગ કેળવણી મંડળના કેમ્પસ ડાયરેકટર શ્રી ડૉ. ખેમરાજ પિછોલિયાના પ્રમુખપદે તથા નવસારી અગ્રવાલ ટ્રસ્ટના કો.ઓર્ડિનેટરશ્રી પ્રો. દિપેશભાઈ શાહના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. ડૉ. પિછોલિયાએ વિદ્યાર્થીઓને ઉચ્ચ ધ્યેય અને દઢ સંકલ્પ સાથે આયોજનબધ્ધ કાર્ય કરવા અપીલ કરી હતી. પ્રા. દિપેશભાઈ શાહે વિદ્યાર્થીઓને વ્યકિતત્વ વિકાસ તથા કારકિર્દી વિકાસ અંગે ઓડિયો-વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. પ્રાસંગિક ઉદબોધનમાં આચાર્ય ડૉ. ભારતીબેન પંચોલીએ સફળતા માટે વિદ્યાર્થીઓને હંમેશા થોડું વધારે અલગ કાર્ય કરવાનું જણાવ્યું હતું. વિદ્યાર્થીમંડળના ઉપપ્રમુખ પ્રો. ભાવસારે વિદ્યાર્થીઓને કોલેજની શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. પ્રો. યોગેશભાઈ દેસાઈએ સંચાલન કર્યું હતું.

## પ્રતિનિધિમંડળ

બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં શૈક્ષણિક વર્ષ - ૨૦૧૦-૧૧ માટે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની સિલેકશન પધ્ધતિથી રચના કરવામાં આવી.

## ધ્વજવંદન

તા.૧૫/૦૮/૨૦૧૦ ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વ્યારામાં ૬૪માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે પ્રિ. ડૉ. જયોતિ રાવ દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રગીત તેમજ વંદેમાતરમ્ના ગાન બાદ વિદ્યાર્થિનીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિ, આજના યુવાનો, ભારતની સ્વતંત્રતા વગેરે વિષયો પર વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું.

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં શ્રી પી.કે.દેસાઈ કેળવણી મંડળના પ્રમુખશ્રી અને સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી વ્રજલાલભાઈએ ધ્વજવંદન તથા પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. પ્રિ. શ્રી ઈશ્વરભાઈ પટેલે સ્વાગત કર્યું હતું.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્.કોલેજ, વાડોદમાં સ્વતંત્રતા દિનની ઊજવણી કરવામાં આવી. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી એન.એસ. પંડયા તથા કોલેજ પરિવારે ધ્વજવંદન દ્વારા દેશ પ્રત્યેની લાગણી અભિવ્યકત કરી. તાલીમાર્થીઓએ નાટક, વકતવ્ય, નૃત્ય, ગીત વગેરે જેવી કૃતિઓ રજૂ કરી હતી.

## વનમહોત્સવ




શ્રી ઈ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં તા. ૧૭-૦૮-૧૦ના રોજ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે ઉગે વૃક્ષો ગુજરાતમાં અંતર્ગત ડૉ. મીનાક્ષીબેન ચાવડાના પ્રમુખ સ્થાને વન મહોત્સવ યોજાયો હતો. વન વિભાગ તરફથી શ્રી એ.આઈ. પરમાર તથા શ્રી જી.આર. પટેલ અને શ્રી નવીનભાઈ બારોટ હાજર રહયા હતા. આજે પર્યાવરણની સમસ્યા ઉભી થઈ છે તો તેના ઉકેલ માટે વૃક્ષો ખુબ જરૂરી છે. તો દરેકે વૃક્ષોનો ઉછેર કરવો જોઈએ. રોપેલા વૃક્ષોને દતક લઈ જાળવણી કરવા જણાવ્યું હતું. ખેતી ડબલ્યુ ડીટી દ્વારા કયા કયા જળસ્ત્રાવના/વનવિભાગના તથા પ્લાનટેશનની વિગત શ્રી રમણભાઈએ આપી હતી. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના સેવકોની મદદથી પ્રા. પ્રવિણભાઈએ કર્યું હતું.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીનાં કેમ્પસમાં તા. ૦૪/૦૮/૨૦૧૦ના રોજ બારડોલી નગરપાલિકાનાં સર્વેયર શ્રી પંકજભાઈ પટેલ તથા બારડોલી સેનેટરી ઈન્સ્પેકટર શ્રી રાજેશભાઈ ભટ્ટનાં નેતૃત્વ હેઠળ સંસ્થાના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ પટેલ તથા કોલેજ પરિવારે વૃક્ષારોપણ કર્યું.

નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે તા. ૧૦-૮-૨૦૧૦ના રોજ યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં આચાર્યશ્રી, અધ્યાપકગણ અને તાલીમાર્થીઓએ એક-એક વૃક્ષનું રોપણ કર્યું હતું અને તેના જતનની પ્રતિજ્ઞા લીધી હતી.

## સ્પર્ધા

શ્રીમતી જી.એન. પંડયા બી. એડ્. કોલેજ, વાડોદમાં ૧૫ મી ઓગષ્ટ નિમિત્તે ''દેશભકિતગીત સ્પર્ધા''નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૩૩ તાલિમાર્થીઓએ ભાગ લઈ દેશ માટે પ્રેમ અને બલિદાનની ભાવના વ્યકત કરી હતી. સ્પર્ધામાં પ્રથમ પટેલ આદિત્યભાઈ, દ્વિતીય સેલર તૃપ્તિબેન, તૃતીય પટેલ પ્રિયંકાબેન અને પટેલ કિંજનબેન વિજેતા રહયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વૃંદાબેન સુરતી અને પ્રા. પીનાકીબેન પટેલે ભૂમિકા ભજવી હતી. તદ્પરાંત રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ મોરે શિલ્પાબેન અને દ્વિતીય રામાનંદી મયૂરીબેન રહયા હતાં.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે તા. ૧૩-૦૮-૨૦૧૦ના રોજ દેશભકિત ગીત, હળવું કંઠય, ચિત્રકલા, શીઘ્ર વકતૃત્વ, વેસ્ટમાંથી બેસ્ટ, લોકગીત જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દેશભકિત ગીતમાં પ્રથમ-રાઠોડ નિલમબેન, વેસ્ટમાંથી બેસ્ટમાં પ્રથમ-પરમાર મનોજભાઈ તથા હળવું કંઠયમાં પ્રથમ-ચૌહાણ અમિતભાઈ અને શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં પાઠક મધુબેન પ્રથમ-ચિત્રકલામાં વસાવા સુનંદાબેન-પ્રથમ અને લોકગીતમાં પટેલ મિત્તલબેન-પ્રથમ આવ્યા હતા. આ સ્પર્ધાઓમાં અધ્યાપકશ્રીઓએ નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના ટી.વાય.બી.એસસી.ના વિદ્યાર્થી નિશિત એસ. મશીનવાલાએ તા. ૧૫-૧૬ જુલાઈ ૨૦૧૦ દરમ્યાન નવસારી મુકામે યુનિવર્સિટીની ચેસ ટીમની પસંદગીમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ચેસ ટીમમાં પસંદગી પામેલ છે. તેઓ હવે ઈન્ટર યુનિવર્સિટી ચેસ સ્પર્ધામાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે. અભિનંદન.

રંગપૂજા થિયેટર પ્રેરિત અને શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડ આયોજિત તા. ૧૨-૮-૧૦ના રોજ વાંચે ગુજરાત અભિયાન-મારી દ્રષ્ટિએ વિષય પર આંતર વર્ગ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી જેમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. પૂર્વ આચાર્ય શ્રી એન.ડી. ગામી, પૂર્વ પ્રા. એચ.એ. રાય અને શ્રી ચંદ્રકાન્ત દેસાઈએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સંસ્થાના પ્રમુખશ્રી સતિષભાઈ દેસાઈએ સ્પર્ધાની વિગતવાર માહિતી આપી હતી. તથા તા. ૧૪-૦૭-૧૦ના રોજ વાપીની રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે જીલ્લા કક્ષાની આંતર કોલેજ કવીઝ સ્પર્ધા યોજાઈ હતી જેમાં શ્રી ચિરાગ પટેલ અને કુ. ચૈતાલી મિસ્ત્રીએ પ્રથમ ક્રમ મેળવી ચેમ્પિયન બન્યા હતા.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**સનદી સેવાનાં સંભારણાં** લેખક : લલિત દલાલ. અમદાવાદ : રંગદ્વાર પ્રકાશન, ૨૦૦૦. પૃ.૧૪૪. કિંમત રૂા. ૮૦-૦૦.

લેખક ગુજરાતના છેલ્લા નિવૃત થનારા આઈ.સી.એસ.ના અધિકારી હતા. ૧૯૪૨માં તેઓ આઈ.સી.એસ.ની સ્પર્ધાત્મક પરીક્ષામાં સમગ્ર હિન્દુસ્તાનના આશરે ૩,૦૦૦ મેધાવી ઉમેદવારોમાં બીજા નંબરે ઉત્તીર્ણ થઈ તે સમયના મુંબઈ ઈલાકામાં નિમણૂંક પામ્યા. કારકિર્દીની શરૂઆત આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂંક પામ્યા. ૧૯૬૦માં મુંબઈ રાજયનું વિભાજન થતાં તેઓ ગુજરાતમાં નિમણૂંક પામ્યા. ભરૂચ, સુરત, વડોદરા અને અમદાવાદમાં કલેકટરપદે યશસ્વી કામગીરી કર્યા પછી સચિવાલયમાં અનેક વિભાગમાં તેમણે સેવાઓ આપી અને છેવટે ૧૯૬૯ થી ૧૯૭૬ દરમ્યાન તેઓ મુખ્ય સચિવ રહયા. વચ્ચે ૧૯૭૪-૭૫માં તેઓ જી.આઈ.ડી.સી. અને જી.એસ.એફ.સી.ના અધ્યક્ષપદે હતા.

આ પુસ્તકની ભૂમિકામાં પૂર્વ સેક્રેટરીશ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબ દર્શાવે છે કે "શ્રી દલાલ સમગ્ર ગુજરાતમાં એક વિશિષ્ટ, લોકાભિમુખ તેમ જ કર્મઠ અમલદાર તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેમની અત્યંત ત્વરિત નિર્ણયશકિત, ઝડપી કાર્યવાહી અને દઢ અનુસરણ માટે તેઓ દષ્ટાંતરૂપ હતા... સરકારી અમલદારના સામાન્ય ચિત્ર કરતાં એ તદ્દન જુદા હતા. ભરૂચ અને વડોદરા જિલ્લામાં અને પછી રાજય કક્ષાએ તેમણે કરલાં દુષ્કાળરાહતનાં કામો ત્યાર પછીની અછતની નીતિ માટે ઉદાહરણરૂપ બની રહયાં. તે સિવાય, ઉદ્યોગ, મહેસૂલ, જમીનસંરક્ષણ, કાયદો અને વ્યવસ્થાનાં તેમ જ બીજાં અનેક ક્ષેત્રોમાં તેમણે ગુજરાતની કરેલી સેવા ચિરસ્મરણીય છે. જળ સિંચાઈ જેવા ગુજરાતના પ્રાણપ્રશ્નની બાબતમાં ઉકાઈ યોજનાને સાકાર કરવામાં અને નર્મદા યોજનાને સફળતાથી આગળ ધપાવવામાં તેમણે કુશળતાથી યાદગાર કામગીરી બજાવી છે. ગવર્નર શ્રીમન્નારાયણ અને મોરારજીભાઈ દેસાઈ તથા અન્ય અધિકારીઓ સાથેના પ્રસંગો રસપ્રદ અને રોચક છે.

બ્રિટીશ અધિકારીઓમાં રોજનીશી રાખવાની તથા સંભારણાં આલેખવાની એક પ્રણાલિકા હતી. આ પ્રકારનાં સંભારણાં, આત્મકથાઓ, તત્કાલીન વહીવટ સંબંધી ગ્રંથો આપણા ઈતિહાસને ઉજાગર કરે છે. તથા અનુગામી વહીવટકારોને પણ માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડે છે.

નોકરી દરમ્યાનની લાલચો વિશે લેખક કહે છે કે મારી આવડત તથા સચ્ચાઈને પ્રતાપે હું મુખ્યમંત્રી સુધ્ધાંનો ડર રાખ્યા વગર મારા અભિપ્રાયમાં દ્રઢ રહી શકતો. ૧૯૭૮માં મુંબઈ સ્થિત અમેરિકન કોન્સલ જનરલે મને પ્રત્યક્ષ કહયું હતુ, 'Dalal we in all Embassies in Bombay trust you more than the Foreign Secretary of your country of Foreign Minister' કોઈને પણ ખાતર હું ખોટું બોલવા કે કરવા તૈયાર ન હતો.

લેખક કહે છે કે, અંગ્રેજ લેખક હાર્ડીનું એક જાણિતું વાકય છે - Life offers to deny (જિંદગી આપે છે - લઈ લેવા માટે). મારા કિસ્સામાં ઉલટું થયું - Life denied to offer (ઉંચામાં ઉંચે પદે પહોંચાડવા નાની નોકરી ન મળી.) આઈ.સી.એસ.ની પરીક્ષાનો વાઈવા આપીને લેખક ઘેર આવે છે ત્યારે કહે છે કે "I think I am in the I.C.S." લેખકનો આત્મવિશ્વાસ તેમની કાર્યપધ્ધતિમાં આપણને આ પુસ્તકમાં ઠેર ઠેર જોવા મળે છે. કોઈપણની શેહશરમ રાખ્યા વિના તેમણે કાર્ય કર્યુ છે અને તેની કિંમત પણ તેમણે ચૂકવવી પડી છે.

આ પુસ્તક એકી બેઠકે પૂર્ણ થાય તેટલું રસપ્રદ અને રોમાંચક છે. આ જ પુસ્તકની ભૂમિકા લખનાર કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબનાં સંભારણાં તરીકે આપણને વર્તમાનપત્રમાં 'વહીવટની વાતો' મળે છે. આપણે આશા રાખીને આપણા શાસનની કાર્યપ્રણાલીઓ અને વિવિધ બાબતો અંગે પણ ઉચ્ચસ્થાને બિરાજતા સૌ કોઈ આ પ્રકારનાં સંભારણાંનું આલેખન કરે. ઉચ્ચ સ્થાને બિરાજમાન તથા કર્મચારીઓએ આ પુસ્તકનું વાચન કરવું રહયું. આ પુસ્તક યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

જે.આર. મહેતા, કુલસચિવ

## જવાબદારી

હું એ બાબત પર અત્યંત ભાર મૂકયા વિના પણ નથી રહી શકતો કે આપણામાંના દરેક ઉપર એક જવાબદારી છે. આપણા દેશના ઉચ્ચ, વિશેષાધિકારી વર્ગના એક સભ્ય તરીકે, કે એ પરિસ્થિતિના નિર્માણમાં આપણે બનતી સહાય કરીએ. એ જવાબદારીમાં ટીકા પણ છે અને સુધારો પણ છે. આપણા દેશના ભવિષ્યની જવાબદારી આપણે લેવી જ રહી; એ ભવિષ્યનું ઘડતર આપણા ઉપર જ છે. એનો અર્થ એમ જ છે કે આપણે માત્ર એનો લાભ લેનાર વર્ગમાં જ ન બેસી રહીએ, બલકે સમાજની પરવા કરનારા, કાળજી લેનારા વ્યકિત પણ બનીએ. એ રીતે વર્તીએ. એનો અર્થ એ પણ થાય છે કે આપણે જે કંઈ કરીએ તેમાં વ્યાપક કલ્યાણનું અનુસંધાન રાખીને કરીએ. તે કલ્યાણને સાધવા માટે કામ કરીએ.

વર્ગીસ કુરિયન

મોટાં કાર્યોમાં પણ કર્મચારીઓ સિધ્ધી મેળવે તે તો માલિકોના મહિમાની અસર છે. જો સૂર્યને (પોતાના રથની) ધૂંસરી પર ન બેસાડયો હોત તો શું અરૂણ અંધકારને ભેદી શકત ખરો ?

અભિજ્ઞાન શાકુન્તલ

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian

Published by : Shri J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com